સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

બયાવ સભાઓ છતાં ભ્રમ ભાંગતો નથી !
દીધાં વચન છતાં વિશ્વાસ જાગતો નથી !
વાગતો નથી સૂરમાં ભાઈયારાનો પાવો -
ને લીલા પર ભગવો રંગ લાગતો નથી !
(સત્તાની બયાવ માટે મથામણ)

હાઈકુ

- જૂઠાણે ઢાંક્યાં
'ડિટેન્શન' સેન્ટર
થાય છે છતાં...
('લૂલો બયાવ')

ગુમ 'યાલ'નો,
કરે છે પર્દાફાશ -
વીર મીડિયા...
(પારદર્શક સચ્ચાઈ)

ચિંતન

નાતિક્રૌર્ય નાતિશાઘ્યં ધારયૈન્નતિ માર્દવમ્ ।
નારિવાદં નાતિકાર્યસક્તિમ્, અસત્યાગ્રહં ન ચ ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

અત્યંત ક્રૂરતા, અત્યંત લુચ્ચાઈ- ખટપટ, શઠતા, અત્યંત નમ્રતા-મૃદુતા, અત્યંત ચર્ચા કે વાદ-વિવાદની દલીલો - કોઈ કાર્ય પરત્વે અત્યંત આસક્તિ - લગાવ અત્યંત જડતા - હઠીલો કે દુરાગ્રહી સ્વભાવ આ છ બાબતોનો ત્યાગ કરવો.

અતિની ગતિ નહીં, કોઈ પણ બાબતમાં અતિપણું યોગ્ય નથી, એનાથી જ વિનાશ થાય. અહીં જે છ બાબતો આપવામાં આવે છે. જે લોકોનો સ્વભાવ અતિક્રૂર હોય તે માણસ રહેતો નથી. હિંસક પશુ તરીકે જ ઓળખાય છે. અત્યંત લુચ્ચાઈ માણસને હીન બનાવે છે. અતિ નમ્રતા માણસને ભોળો મૂર્ખ બનાવે છે. લોકોમાં મશ્કરી રૂપ થાય છે.

ચર્ચા-દલીલ કરનારા માણસો વિવાદી બને છે. જક્કી સ્વભાવના લોકો કોઈ જ સાચી વાતનો સ્વીકાર કરી શકતા નથી અને પોતાનો જ કક્કો સાચો છે એવું લોકોના મગજમાં ઠસાવવાના પ્રયત્નમાં જ હોય છે.

લાંબે ગાળે આવા માણસો સમાજમાંથી ફેંકાઈ જતા હોય છે.

સુવિચાર

- જીવાઈ ગયેલી જિંદગીનો થોડોક થાક તો છે જ...
  પણ એમાં બાકી રહેલી જિંદગીનો શું વાંક છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનમાં વારસો આપતા સંબંધો કરતાં....
  વિમાનો આપતા સંબંધો વધુ મહત્ત્વના હોય છે - **મુંબઈ સમાચાર**
- ભગવદ્‌ગીતા કોર્ટમાં નહીં, 'કોર્સ'માં હોવી જોઈએ - **ગુણવંત શાહ**
- ખ્યાલાતોં કે બદલનેસે હીં નિકલેગા નયા દિન,
  સિર્ફ સૂરજ કે ચમકને હી સવેરા નહીં હોથા - **ભાનપ્રતાપસિંહ**
- વિવેક, બુદ્ધિ અને સ્પષ્ટ વાણી એ ત્રણ બાબતોમાં માણસ પશું કરતાં ચઢિયાતો છે - **લુઈ પર્કીન્સન**
- જ્ઞાન અને સત્તાની સાથોસાથ નમ્રતા અને વિનય પણ વધવા જોઈએ - **ચાણક્ય**
- આજનું ઔષધ : જયામાંસીનું ચૂર્ણ બે ગ્રામ દસ ગ્રામ મધ સાથે સવાર સાંજ લેવાથી લો બી.પી.માં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજાને ચિત્રકામનો શોખ હતો. રાજાએ મહેલના બગીચામાં એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું. ઘણા બધા ચિત્રકારો પોતાની કળા દેખાડવા આવી પહોંચ્યા. આ ચિત્રકારોમાં એક કલાકાર અત્યંત ગરીબ દેખાતો હતો. તેના ચીથરેહાલ દેખાવથી રાજા એ એની સાથે સરખી વાતચીત ન કરી. નિયત સમયે સ્પર્ધા શરૂ થઈ. આખરી ત્રણ ચિત્રો પસંદ થયા. જેમાં પેલો ગરીબ ચિત્રકારને બીજો નંબર મળ્યો. રાજાએ તેને પુરસ્કાર આપ્યો અને કહ્યું, 'આપ એક અઠવાડિયું મારા મહેમાન બનીને રહો પછી જાજો.' અઠવાડિયું રોકાઈને ચિત્રકાર પાછો જતો હતો ત્યારે રાજાએ એને કિંમતી ભેટો અને રોકડા પૈસા પણ આપ્યા. ત્યારે ચિત્રકારે રાજાને પૂછ્યું, 'મહારાજ, જયારે આપને હું પહેલી વાર મળ્યો હતો. ત્યારે આપે મારા ચિંથરેહાલ જોઈને સરખી વાત પણ કરી ન હતી. પરંતુ આજે આપે મને રોકવા કહ્યું અને સારું ઘણું બધું સન્માન કર્યું. આપના વ્યવહારિકમાં આ ફેરફારનું કારણ મને કહો.' રાજાએ કહ્યું, 'પહેલા હું તમારા મારે અને તમે મારા માટે તમારી પ્રતિભાથી તદ્દન અજાણ હતો. ત્યારે તમારા વેશ જોઈને મેં કદાચ સરખી વાતચીત ન કરી. પણ સ્પર્ધામાં આપની કળાનો મને પરિચય થવાથી મારા વ્યવહારમાં તમારી પ્રતિભા પ્રત્યેના સન્માનથી ઝલક છે. વ્યક્તિની ઓળખ તેના કામથી જ થાય છે.' રાજાનો જવાબ સાંભળી ચિત્રકારે આભાર વ્યક્ત કર્યો.

અલવિદા - બે હજાર ઓગણીસને...!

તંત્રીસ્થાનેથી...

ઈસુના કેલેન્ડરનું વધુ એક વર્ષ સમાપ્ત થઈ રહ્યું છે. મધરાતે ૨૦૨૦નાં પનોતાં પગરવ થશે. જીવશે તે જોશે ! સમય તો પરમાત્માને પણ કયાં ગાંઠ્યો છે ? પોતપોતાનું અવતારકાર્ય પૂરું થતાં જ રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર અને ઈસા મસીહ કે મહંમદ પયગંબરે આ પૃથ્વી પરથી વિદાય લીધી છે. ગાંધીજીને એકસો વીસ વરસ જીવવાની ઈચ્છા હતી પરંતુ સમય કોઈના પ્રત્યે ભેદભાવ નથી રાખતો. પૂરાં એશીં પણ થાય એ પહેલાં ઉપાડી લીધા. વર્ષાન્તે જો ગાંઠે બાંધવા જેવું હોય તો આટલું જ : કાળ કોઈનો થયો નથી કે થવાનો નથી. એ માન્ધાતાનોય નથી થયો કે રાવણનો પણ નથી થયો તો પછી હમ ઔર તુમ કિસ ખેત કી મૂલી ? પરંતુ સમયને અતિક્રમીને જીવી શકે છે સેવાની સુવાસ. કાં તો ક્રૂર કર્મની બદબૂ. હનુમાન સેવાધર્મનું શાશ્વત પ્રતીક બનીને જીવે છે, અશ્વસ્થામા ક્રૂરતાનો પર્યાય બની ગંધાય છે. વ્યાસ અમર છે એમના શબ્દસૌંદર્યથી. ૨૦૧૯ની વિદાયવાળે કેવી રીતે ઊજવીશું ? પાશ્ચાત્ય કુસંસ્કારો એટલી હદે હાવી થઈ ગયા છે કે આપણે પણ ફાર્મહાઉસ કલ્ચરને વશ થઈ ગયા છીએ. ભોગવિલાસની છોળો ઉડાડી સમયને માત આપવાનાં મિથ્યા વલખાં મારવાં એ ભવ્ય અને ભાતીગળ સંસ્કારવારસો ધરાવતી ભારતીય પ્રજાને શોભે ખરું ? આ કડકડતી ઠંડીમાં આપણા જેવાં જ માનવી કાળી મજૂરી કરી ફૂટપાથ પર રાત ગુજરાતાં હોય એમને એટલાં જ નાણાં ખર્ચીને ગરમ વસ્ત્રો કે ધાબળા ઓઢાળી ૨૦૨૦ના શુભાગમનને વધાવીએ તો વધુ સારું ન લાગે ? આપણા જ નગરમાં ચૂપચાપ આવી સેવાવૃત્તિ - પ્રવૃત્તિને વરેલ કોઈ અરુણ બૂચ, ડાહ્યાભાઈ ગાંધી કે પ્રજ્ઞા પટેલ વસે છે. શું એમને રોલ મોડલ ગણીને આપણે જીવનને એક નવી દિશા ન આપી શકીએ ? જેમના નામે સંવત્સર ચાલ્યું અને દુનિયાભરમાં એનો કાળક્રમે સ્વીકાર થયો તે ઈસુ પોતાને ઈશ્વરપુત્ર તરીકે ઓળખાવતા હતા. બસ, આટલા ગુના બદલ એમને કેવડી મોટી સજા ફરમાવાઈ હતી ! પરંતુ મહાપુરુષો અને મહાસન્નારીઓએ તો મોટાભાગે દુઃખ જ વેઠ્યું છે. કોઈએ જળસમાધિ લેવી પડી છે, કોઈ પારધિના તીરે વીંધાયા છે, સોક્રેટીસને ઝેરનો પ્યાલો પીવો પડ્યો છે, ઈસુને વધસ્તંભે જડાવું પડ્યું છે. સીતાને અગ્નિ પરીક્ષા ઉત્તીર્ણ કર્યા પછી પણ ધરતીના ઓળે સમાવું પડ્યું છે. અહલ્યાને પાષાણવત્ જીવવું પડ્યું છે, દ્રૌપદીનું ચીરહરણ થયું છે. મહાત્મા ગાંધીની જેમ ઈંદિરા ગાંધીને ગોળીએ વીંધાવું પડ્યું છે... આપણે આપણી આવતીકાલ શાતાદાયક બની રહે એવું કંઈક કરીએ. કોઈને નડીએ નહીં, કનડીએ નહીં : દુઃખ આવી જ પડે તો રડીએ નહીં ! ૨૦૧૯ના અંતિમ સપ્તાહમાં મૃતપ્રાય કોંગ્રેસમાં નવી ચેતના સળવળી ઊઠઈ છે એય શું સૂચક નથી ! સમય કયારે કરવટ બદલશે એનો અંદાજ લગાવવો અઘરો છે.

સવાલ રંગીન જવાબ સંગીન

૧. દીપાલી- તમારી દ્રષ્ટિએ શ્રધ્ધા અને અંધશ્રધ્ધામાં શું તફાવત ??
જવાબ બંનેમાં શ્રધ્ધા કોમન છે, બાકી જેવી જેની સોચ...
૨. જસિયો- વાડ ચીભડાં ગળવા લાગે ત્યારે કોની પાસે જવું ??
જવાબ વાડના અથવા તો ખેતરના માલિક પાસે જ જવું પડે..
૩. કનૈયાલાલ- બાળ વિવાહ હજી પણ કેમ દેખા દે છે ??
જવાબ આપણામાંથી થોડા ઘણા હજી એવા છે જેમને સુધરવું જ નથી.
૪. છોટુ- અફવાઓ ફેલાતી રોકવાનો કોઇ ઉપાય સૂચવી શકો ખરા ??
જવાબ એક જ ઉપાય છે કે આપણે જે સાંભળીએ તેને આપણી પાસે જ રાખીએ, આગળ પાસ ઓન ન કરીએ.
૫. ખૂશ્બુ- તમને કોઇ મોટા નેતાનો ઇન્ટરવ્યૂ લેવાનું કહેવાય તો તમે તૈયાર થશો ?
જવાબ થોડી તૈયારી કરવી પડે, બાકી કામ કરી શકાય ખરું.
૬. રતનલાલ- કઇ બિમારી ખરાબ ? મનની કે તનની ?
જવાબ મારી દ્રષ્ટિએ બંને.
૭. જમનાદાસ- લોકો વાંચવા લઇ ગયેલાં પુસ્તક પરત કરવાનું ભૂલી જાય છે કે પછી જાણી જોઇને એવું કરતા હશે ?
જવાબ અમુક બદીઓ મને લાગે છે કે એ કદાચ દૂર થવામાં ઘણો સમય લાગશે.
૮. શેફાલી- તમે કોઇની આંખોમાં વસ્યા છો ખરા ?
જવાબ હજી એવુ સૌભાગ્ય (દુર્ભાગ્ય ??) પ્રાપ્ત થયું નથી, અને અમે કોઇની આંખોમાં વસ્યા હોઇએ તો પણ એની અમને તો ખબર કેવી રીતે પડે ?
૯. વનિતા- તમારી સૌથી મોટી નબળાઇ કઇ ?
જવાબ જે દરેક પુરુષની હોય છે તે જ.
૧૦. મંગાજી- કોઇ એવો રસ્તો બતાવો કે હું ઝડપથી પૈસાદાર થઇ જાઉં
જવાબ અરે ભાઇ હું પણ એની જ શોધમાં છું બોલો ?

● ● ●

(વાચકો તેમના આવા પ્રશ્નો મોકલી શકે છે.

તેમનું નામ, ગામ કે શહેરનું નામ, મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો.

પોસ્ટકાર્ડથી તંત્રીશ્રીને પણ મોકલી શકાશે. સરસ પ્રશ્નો અમારા જવાબ સાથે વાચકના નામ સહિત પ્રગટ કરવામાં આવશે.)

અનંત પટેલ
- anantpatel135@yahoo.com
મો. ૯૮૯૮૪૦૯૦૫૩

સવાલો વગરની જિંદગીના જવાબો નથી હોતા!

વિચારયાત્રા

ડો. જય ઓઝા

જિંદગી છે તો સવાલો છે. સવાલો છે તો જવાબો છે. સવાલ વગર જવાબનું કોઈ મહત્ત્વ નથી. દુનિયામાં જે કંઈ છે એ કોઈના મનમાં ઉઠેલા સવાલોના જવાબો છે. જ્યાં સવાલ છે ત્યાં શક્યતા છે. આપણે કહેતા અને સાંભળતા આવ્યા છીએ કે દરેક સમસ્યાનો ઉકેલ હોય છે,આપણને બસ એ શોધતા આવડવું જોઈએ. ઉકેલની ત્યારે જ જરૂર પડે છે જ્યારે સમસ્યા કે સવાલ સર્જાય છે. એટલે જ સવાલોથી કે સમસ્યાઓથી ગભરાવા જેવું નથી. રસ્તો ન મળે ત્યારે જ માણસ રસ્તો શોધવાનો કે રસ્તો બનાવવાનો પ્રયાસ કરે છે. રસ્તો હોય તો પછી તેની શોધ કે તેના નિર્માણનો વિચાર જ નથી આવતો.

દરેક માણસમાં અજબ અને અઢળક શક્યતાઓ પડેલી હોય છે. સવાલ જ આ શક્યતાને સફળતામાં પલટાવે છે. જેને બધું તૈયાર મળી જાય છે એને નસીબદાર ગણવો કે બદ્‌નસીબ એ સૌથી મોટો સવાલ છે. જેની પાસે બધું જ છે એણે કંઈ કરવું પડતું નથી એટલે જ તેની બુદ્ધિનો વિકાસ થવો જોઈએ એટલો થતો નથી. 'દીવા પાછળ અંધારું' એ એમ ને એમ નહીં થતું હોય! તમને ખબર છે કે તમારામાં કેટલું બધું પડેલું છે? તમે એનો ઉપયોગ ક્યારે કરો છો? તમને જરૂર પડે ત્યારે! જરૂર ન પડે તો તમારામાં જે છે એ એમ ને એમ પડયું રહે છે. કાટ ખાઈ જાય છે. કોહવાઈ જાય છે. કાટ એને જ લાગે છે જેનો ઉપયોગ નથી થતો. ઉપયોગ થાય છે એ ચકચકિત જ હોય છે. મન, મગજ અને જિંદગીનું પણ એવું જ છે. તમે જેટલું એક્ટિવ રાખશો એટલું એક્ટિવ રહેશે.

એક ડાહ્યો માણસ હતો. ગામમાં કોઈને કંઈ માર્ગદર્શન જોઈતું હોય તો લોકો તેની પાસે જાય. એક વખત એક બાળકે તેમને પૂછયું, ×દાદા તમારી પાસે દરેક મુશ્કેલીનો ઉકેલ કેમ મળે છે? તમારામાં આટલી સમજ ક્યાંથી આવી?' પેલા માણસે કહ્યું કે 'દીકરા, મેં જિંદગીમાં બહુ ઠોકરો ખાધી છે. જિંદગીએ મને ઘણા બધા સવાલો આપ્યા હતા. હું એક પછી એક જવાબ મેળવતો ગયો અને મને ખબર જ ન પડી કે મારામાં આટલી સમજ કેવી રીતે આવી ગઈ!' જ્ઞાની માણસ એટલે જેણે વધુમાં વધુ સવાલોના સાચા જવાબ મેળવ્યા છે. એ ડાહ્યા માણસે પછી બાળકને એક સલાહ આપી કે, 'દીકરા નાના-નાના પથ્થરોનું ધ્યાન રાખજે. ઠોકર ક્યારેય પર્વતથી નથી લાગતી, નાના પથ્થરથી જ ઠોકર વાગે છે. ઠોકર વાગે તોપણ ડરતો નહીં કારણ કે ઠોકર વાગશે તો જ તું તારા રસ્તે ચડેલા એ પથ્થરને ઉપાડીને બાજુમાં ફેંકી દઈશ. ઠોકરો તો આપણી જિંદગીનો રસ્તો સાફ કરતી હોય છે.'

સમાજમાં દરેક પ્રકારના માણસો હોય છે. સારા કામ માટે પણ માણસો મળી જાય છે અને ખરાબ કામ માટે પણ માણસો અવેલેબલ હોય છે. યજ્ઞો કરવા માટે સજ્જનો પણ મળી જાય છે અને ખૂન કરવા કોન્ટ્રાક્ટ કિલર પણ મળી જાય છે. એક ગુનેગાર માણસ સંત પાસે ગયો. તેણે કહ્યું કે 'તમે કહો છો કે જિંદગીના તમામ સવાલો શોધો તો જવાબો મળી જાય છે, તો પછી હું કેમ ગુનેગાર થઈ ગયો?' સંતે જવાબ આપ્યો કે 'જવાબ તો તેં પણ શોધ્યો છે પણ તેં ખોટો જવાબ પસંદ કર્યો છે. જવાબ મેળવ્યા પછી પણ એ ખરાઈ કરવાની હોય છે કે જવાબ સાચો છે કે ખોટો? ખોટા જવાબના માર્ક્સ નથી મળતા. જિંદગીના ખોટા જવાબોનો તો હિસાબ પણ ચૂકવવો પડતો હોય છે અને સજા પણ ભોગવવી પડતી હોય છે. તારો જવાબ સુધારી લે તને પણ પૂરા માર્ક્સ મળશે.'

ઘર પણ એક મુકામ છે અને જેલ પણ એક મુકામ જ છે. માણસ અંતે તો તેના મુકામ સુધી જ પહોંચતો હોય છે. બધી જ જેલ સરકારોએ બનાવેલી હોતી નથી. અમુક જેલ તો માણસ પોતે સર્જે છે. કેટલાં બધાં ઘર જેલ જેવાં હોય છે? જે ચાર દીવાલો વચ્ચે ગૂંગળામણ થાય એ જેલ જ હોય છે, ઘર તો માત્ર આપણે કહેતા હોઈએ છીએ! શહેરોમાં આવી 'જેલો'ની સંખ્યા વધતી જાય છે. આપણે આપણી માનસિકતાના બંધનમાં એવા જકડાઈ ગયા હોઈએ છીએ કે આપણને મુક્તિનો અહેસાસ જ થતો નથી. અમુક બંધનોથી તો આપણે એવા ટેવાઈ જઈએ છીએ કે આપણને ખબર પણ નથી હોતી કે આ બંધન છે.

જિંદગી એક નાનકડા કોચલામાં બંધાઈ જાય છે. આપણે કોચલાને જ સુરક્ષિત માની લઈએ છીએ. જિંદગીને સવાલ કરો અને જિંદગી પાસે જવાબ માગો કે હું કરું છું એ બરાબર છે? હું ડરતો તો નથી ને? હું મુક્ત તો છું ને? કયો ભય મને સતાવે છે? જિંદગી કેમ આટલી બધી અઘરી લાગે છે? આપણી મુક્તિનો માર્ગ આપણે જ શોધી શકીએ, કારણ કે આપણા બંધનની માત્ર આપણને જ ખબર હોય છે. દુનિયામાં સુખી દેખાતા કેટલાં લોકો ખરેખર સુખી હોય છે? ઘણાં લોકો આપણને પહેલી નજરે દુઃખી દેખાતા હોય છે પણ એ દુઃખી હોતા નથી.

એક અમીર માણસ હતો. દોમ દોમ સાહ્યબીમાં એ ઉછર્યો હતો. તેને ત્યાં મજૂરી, પટાવાળા અને ચોકીદારી કરતાં લોકોને જોઈને એને થતું કે આ બિચારા લોકોની જિંદગી કેટલી ખરાબ છે? કેટલા બધા અભાવમાં એ બધા જીવે છે. એક દિવસ તેણે પોતાના પટાવાળાને પૂછયું કે 'તું સુખી છે?' પટાવાળો આખાબોલો હતો. તેણે ચોખ્ખેચોખ્ખું સંભળાવી દીધું કે, 'હું તમારા કરતાં વધુ સુખી અને ખુશ છું!' અમીર માણસે પૂછયું કે, 'કેવી રીતે?' પટાવાળાએ કહ્યું કે, 'હું સાજે ઘરે જાઉં પછી પરિવાર સાથે મજા જ કરું છું. અમારા ઘરની નજીક એક બગીચો છે. છોકરાંવને ત્યાં લઈ જાઉં છું. એ લોકો હીંચકા ખાય છે, લસરપટ્ટી રમે છે અને ખડખડાટ હસે છે, ત્યારે મને લાગે છે કે હું તમારાથી વધુ સુખી છું. તમારે તો ઘરમાં જ બગીચો છે. આ બગીચામાં કોઈ રમતું નથી. તમારી પાસે સમય જ ક્યાં છે? છોકરાંવ મોબાઈલ અને વીડિયો ગેઈમમાં પડયાં હોય છે અને તમે તમારા હિસાબકિતાબમાં. તમારા સંબંધો પણ દર તહેવારે કામ હોય એવા લોકોની યાદી બનાવી તેના ઘરે મીઠાઈ મોકલી દેવા પૂરતા મર્યાદિત છે. અમે ઘરે અમારી ત્રેવડ મુજબ મીઠાઈ બનાવીએ છીએ, ખાઈએ છીએ અને ખવડાવીએ છીએ. ઘરમાં કંઈ બને તો પાડોશમાં આપીએ છીએ અને પાડોશી પણ કોઈ વાનગી બનાવે તો આપી જાય છે. તમને તો બાજુમાં કોણ રહે છે એની પણ ખબર નથી!' આ વાત સાંભળીને અમીર માણસને સમજાયું કે પટાવાળા વિશેના સવાલોના જે જવાબો તેની પાસે હતા એ તો ખોટા હતા. સાચા જવાબો તો એ કહે છે એ જ છે. મને તો હવે એવું લાગે છે કે મેં પણ જે જવાબો મેળવ્યા છે એ સાચા છે કે કેમ?

જિંદગી જીવવાની મજા આવવી જોઈએ અને ન આવતી હોય તો માનજો કે તમારો કોઈ જવાબ ખોટો છે. સવાલો ક્યારેય ખોટા નથી હોતા, જવાબ જ સાચા કે ખોટા હોય છે. જિંદગીમાં જે છે એને ફીલ કરી શકતા હોય તો તમે સુખી છો. જિંદગીની સફરમાં નક્કી કરેલા માઈલસ્ટોન પર નજર નાખતાં રહેવું જોઈએ અને ચેક કરતાં રહેવું જોઈએ કે હું સુખ અને શાંતિના માર્ગે જ છું ને? આ સવાલનો સાચો જવાબ મેળવી લેજો અને ખોટો હોય તો જવાબ સુધારી લેજો.

દેખા હુઆ સા કુછ હૈ, તો સોચા હુઆ સા કુછ,
હર વક્ત મેરે સાથ હૈ, ઉલઝા હુઆ સા કુછ,
ફુરસત ને આજ ઘર કો સજાયા કુછ ઇસ તરહ,
હર શય સે મુસ્કુરાતા હૈ, રોતા હુઆ સા કુછ.

- નિદા ફાઝલી

- jayuoza@gmail.com, Mo.9898046488

અસફળતાનો અર્થ માત્ર એટલો જ છે કે, તમારે હજી સફળ થવાનું બાકી છે

આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

આજે વર્ષનો છેલ્લો દિવસ. વર્ષ ૨૦૧૯ને 'ગુડબાય' અને ૨૦૨૦ને 'વેલકમ' કરવાનો અવસર. આજના દિવસની ઉજવણીનો સાર એટલો કે, ૨૦૧૯માં મળેલી સફળતાઓ આનંદ કરવાનો અને નિષ્ફળતાઓની સામે તમારી પ્રતિક્રિયા કેવી હતી એનુ વિશ્લેષણ કરવાનો સમય. માણસનું જીવન સફળતાઓ અને ઘણી બધી નિષ્ફળતાઓથી ભરેલું હોય છે. શક્તિશાળી હોય કે નિર્બળ વ્યક્તિનું જીવન હોય, એ હંમેશા નિષ્ફળતાના અનેક પ્રસંગોથી જ ઘડાયેલું હોય છે. સામાન્ય રીતે એક એવી માન્યતા પ્રવર્તતી હોય છે કે, સારું અને અનુકૂળ પરિણામ હોય એટલે સફળતા. ખરાબ કે પ્રતિકૂળ અસર જન્માવતું પરિણામ મળે એટલે નિષ્ફળતા. ખરેખર તો સફળતા હોય કે નિષ્ફળતા બન્ને વ્યક્તિની ક્ષમતાને ઉજાગર કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

સૌ કોઈનો અનુભવ હોય છે કે, નિષ્ફળતા મળે એટલે હતાશાના વમળમાં ઘેરાઈ જઈને ડિપ્રેસનનો ભોગ બનતા હોય છે. જ્યારે સફળતા મળે ત્યારે વ્યક્તિ મનોમન ફૂલાઈ જઈને એવું માનવા લાગે કે, દુનિયામાં સૌથી અગત્યનો અને મહાન વ્યક્તિ એ જ છે. આ પ્રકારની અસરો બહુ ખતરનાક છે. પ્રગતિમાં અવરોધરૂપ બને છે. નિષ્ફળતામાંથી પદાર્થપાઠ લઈને કંઈક શીખીને આગળ વધવાનું હોય. સફળતા હોય કે નિષ્ફળતા એ કાયમી હોતી નથી. સૂર્યપ્રકાશ સારો લાગે અને ચિત્તમાં આનંદ પણ આપે. પરંતુ સુર્ય પ્રકાશ ચોવીસે કલાક અને બારેમાસ ન રહી શકે. દિવસ પછી રાત અને રાત પછી દિવસ એ કુદરતનો ક્રમ છે. એ જ પ્રમાણે નિષ્ફળતા પછી સફળતા અને સફળતા પછી નિષ્ફળતા સ્વાભાવિક ક્રમ છે.

નિષ્ફળતા મળે ત્યારે વ્યક્તિની પોતાની અને તેની આસપાસના લોકો એ નિષ્ફળતાને કેવી રીતે ટ્રીટ કરે છે એની ઉપર વ્યક્તિના ઘડતરનો બહુ મોટો આધાર હોય છે. શાળામાં ભણતાં એક વિદ્યાર્થીનું બોર્ડનું રીઝલ્ટ આવ્યું. એના માતા-પિતાએ એને કહ્યું 'ચલ દીકરા, આજે આપણે બધા હોટલમાં જઈને જમીએ'. ત્રણેય જણા શહેરની સારામાં સારી અને મોંઘી હોટલમાં પહોંચ્યા ત્યારે પુત્રના આશ્ચર્યનો પાર ન રહ્યો. એને એમ થયું કે, આજે કેમ મમ્મી-પપ્પા હોટલમાં જમવાનું કહે છે. અને તે પણ આવી મોંઘી હોટલમાં ? એ લોકો સામાન્ય પરિવારના હતા અને આવી મોંઘી હોટલમાં ક્યારેય જમવા ગયા ન હતા. એમની આર્થિક સ્થિતિ એટલી બધી સારી ન હતી એટલે સ્વાભાવિક રીતે જ આવી મોંઘી હોટલમાં જતાં દીકરાને ખૂબ આશ્ચર્ય થયું.

હોટલમાં જઈને પિતાએ પુત્રને ભાવતી વાનગીઓનો ઓર્ડર કર્યો. ત્રણેય જણા પેટ ભરીને મોજથી જમ્યા. પછી પિતાએ પુત્રને હળવેથી કરહ્યું 'બેટા તને ખ્યાલ છે તું બોર્ડની પરિક્ષામાં ફેઈલ થયો છે ?' દીકરાને તો કાપો તો લોહી ન નીકળે. એ સ્તબ્ધ બની ગયો. હક્કોબક્કો થઈને પિતાની સામે શુન્યમનસ્ક રીતે જોઈ રહ્યો. પિતા એની ખુરશીમાંથી ઊભા થયા એની બાજુમાં બેસીને એના ખભે હાથ મૂકીને કહ્યું, 'બેટા આ પરીક્ષા તારા જીવનની છેલ્લી પરીક્ષા થોડી છે ? એટલું સમજી લેજે કે, કાલથી તું ભણવામાં મહેનત કરીને સારા માર્કસ સાથે સફળ પણ થઈ જઈશ. પરંતુ જીવનમાં આવનારી મુશ્કેલીઓ, નિષ્ફળતાઓ અને સફળતાઓનો હિંમત અને ધીરજપૂર્વક સામનો કરીશ તો તું જરૂર સુખી થઈશ. સુખ, સફળતા અને નિષ્ફળતાઓ ઉપર મોહતાજ ન રહેવું જોઈએ.'

આ નાના બાળકને આજે આખું ભારત મોટા ગજાના કલાકાર અનુપમ ખેર તરીકે ઓળખે છે. પિતાજીએ બોર્ડની પરીક્ષા વખતે આપેલી અણમોલ વર્તનભેટે એમને જીવનને બદલીને અસફળતાની પણ ઉજવણી કરતા કરી દીધા. નાપાસ થયેલા કે ઓછા ટકા આવેલા બાળકને કરડવા દોડતાં વાલીઓને મહાન કલાકાર અનુપમ ખેરના પિતાજીનો વર્તનસંદેશ અર્થપૂર્ણ પદાર્થપાઠ પૂરો પાડે છે.

વિંન્સ્ટન ચર્ચીલ હંમેશા કહેતાં કે, સફળતા અંત નથી હોતો અને અસફળતા ક્યારેક ઘાતક નથી હોતી. નિષ્ફળતા એક એવો અવસર પૂરો પાડે છે કે જ્યાંથી ફરી પાછી નવી શરૂઆતનો મજાનો મોકો મળે છે. વ્યાકુળતાના ગર્ભમાં અસંતોષ હોય છે અને અસંતોષ જ પ્રગતિની પહેલી શરત છે. અસફળતાનો અર્થ એ નથી કે, તમે નિષ્ફળ ગયા છો. અસફળતાનો અર્થ માત્ર એટલો જ છે કે, તમારે હજી સફળ થવાનું બાકી છે.

થોડા મહિના પહેલાં દેશ અને દુનિયાએ એક અદભુત દ્રશ્ય ટીવીના પડદે જોયું. ભારતનું ચંદ્રયાન–૨ મિશન નિષ્ફળ જતાં ઈસરોના વૈજ્ઞાનિક કે. સિવન ભાંગી પડ્યા હતા. ભારતના વડાપ્રધાન સ્પેસ સેન્ટર પહોંચી જઈને કે. સિવનને ઉષ્માથી ભેટીને કહ્યું કે, 'આ મિશનની નિષ્ફળતાના અનુભવને આધારે આનાથી પણ વધુ બહેતર બીજું મિશન થવાનું છે. તમારી લોકોની મહેનત ક્યારેય એળે નહીં જાય.' ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આ 'હીલીંગ થેરેપી' અને વિચક્ષણતાએ વૈજ્ઞાનિક સિવન સહિત ઈસરોના સેંકડો વૈજ્ઞાનિકોના દિલો દીમાગમાં નવો ઉત્સાહ અને નવું જોમ ભરી દીધું. ઈસરોના બધા જ વૈજ્ઞાનિકો ફરી પાછા કામે લાગી ગયા. નિષ્ફળતા ખરેખર તો સફળતા માટેનો અનુભવ તેજપૂંજ છે. જે વ્યક્તિ જીવનનો આનંદ લઈ રહ્યો હોય એને ક્યારેય અસફળતાની આંચ લાગી શકતી નથી. મોટાભાગે સફળતા અસફળતાની ઠોકરોમાંથી જ પેદા થતી હોય છે.

કેન્સરથી પીડાતા એપલ કંપનીના સ્ટીવ જોબ્સે એમના અનુભવ તારવતાં કહ્યું છે કે, ' હું જલ્દી મરી જવાનો છું એ સતત યાદ રહેતાં મોટા નિર્ણયો લેવામાં મને ખૂબ અનુકૂળતા રહી છે. જ્યારે મોત વિશે વિચારું છું પછી ઘમંડ, અસફળતાનો ડર, આશાઓ, અપેક્ષાઓ બધું જ ગાયબ થઈ જાય છે. પછી એટલું જ બાકી બચે છે જેની ખરેખર આવશ્યકતા હોય છે. '

જે વ્યક્તિ એના જીવનકાળના ૪૦ વર્ષો સુધી કોઈ દિવસ નિષ્ફળ જ ગયો નથી તો એમ સમજી લેવું પડે કે એ વ્યક્તિ જીવનના ઉતાર-ચઢાવના રસથી વંચિત રહ્યો છે. વિશ્વ વિખ્યાત કાર્ટુનિસ્ટ સ્કોટ એડમ્સ એક એક્ઝિક્યુટિવ ઓફિસર બનવાના લક્ષ્યમાં નિષ્ફળ ગયા પછી પીંછી અને કલમ પકડી સફળતાની સીડી સડસડાટ ચડી ગયા. વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસન ૧૫ વર્ષના હતા ત્યારે શ્રવણશક્તિ ગુમાવી હતી. એમના શિક્ષકો, સંબેધીઓ અને સાથીઓ માનવા લાગ્યા કે હવે એડિસન જીવનમા કશું પ્રાપ્ત કરી શકશે નહીં, પરંતુ સાંભળવાની ક્ષતિને અતિક્રમીને એડિસન વિશ્વના મહાન વૈજ્ઞાનિક બન્યા. નિષ્ફળતાને ગળે લગાવીને ફરવા કરતાં એમાંથી પ્રેરણા મેળવી આગળ વધવામાં જ જિવનનો આનંદ છે. સફળતાના નશામાં છકી ન જવાય અને નિષ્ફળતાનાં ગમમાં વહી ન જવાય.

ધબકાર :
એક નિષ્ફળતા સફળતાના હજાર દ્વારા ખોલી નાખે છે